# જેકે પેપરનો ચોખ્ખો નફો ૯૩ ટકા ઊછળીને રૂા.૧૦૯ કરોડ

પીટીઆઇ

નવી દિલ્હી, તા. ૧૨

મુખ્યત્વે વોલ્યૂમ વૃદ્ધિ અને ઊંચા વેચાણને પગલે જેકે પેપરનો સ્વતંત્ર ચોખ્ખો નફો ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ પૂરા થયેલા બીજા ત્રિમાસિક ગાળામાં બે ગણો વધીને રૂા.૧૦૯.૫૭ કરોડ થયો છે. તે પાછલા વર્ષના સમાન સમયગાળામાં રૂા.૫૬.૬૩ કરોડ થયો હતો, તેમ કંપનીએ બોમ્બે સ્ટોક એક્સચેન્જને (બીએસઇ) એક નિયમનકારી યાદીમાં જણાવ્યું હતું. સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન કંપનીની કુલ આવક ૧૭.૪૭ ટકા વધીને રૂ ૧.૬૭૭.૧૧ કરોડથી રૂા.૭૯૫.૪૬ કરોડ થઇ છે. બજાર વોલ્યુમ અને વેચાણમાં વૃદ્ધિ સાથે મજબૂત રહેવા પામ્યું છે. કંપનીનો કુલ ખર્ચ રૂા.૫૯૫.૬૩ કરોડથી વધીને રૂ ૧.૬૩૯.૪૮ કરોડ થયો છે.